ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

પેટલાદમાં લાંબા સમયથી ભાડા ન ભરતાં દુકાનદારો સામે 'લાલ આંખ' કરતાં 150 બાકીદારોને નોટિસનો ફટકારી

પેટલાદમાં ₹ ૫૫ લાખ વસૂલવા પાલિકાની કવાયત

૧૫ દિવસની મહેતલ, અન્યથા દુકાનોને સીલ મારી કબ્જો લેવાની કડક ચેતવણી

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૪

પેટલાદ નગરપાલિકાના ૧૫ જેટલા શોપિંગ સેન્ટરમાં આશરે 500 જેટલી દુકાનો આવેલી છે. જેમાંથી લગભગ તમામ દુકાનો કાર્યરત છે. આ તમામ દુકાનોના ભાડા માસિક અને વાર્ષિક ભરવાના હોય છે. પાલિકાને આ દુકાનોમાંથી દર વર્ષે રૂ.60 લાખ જેટલી આવક થતી હોય છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ભાડુઆતો સમયસર ભાડું ભરતા નથી. જેથી પાલિકાએ બાકી ભાડાની વસૂલાત માટે એક્શન પ્લાન જારી કર્યો છે. જે મુજબ લગભગ 150 જેટલા બાકીદારો પૈકી 56 ભાડુઆતોને આજરોજ નોટીસ ફટકારવામાં આવી છે. જ્યારે અન્ય બાકીદારોને આગામી દિવસોમાં નોટીસ ફટકારવામાં આવશે. હાલ 15 શોપિંગ સેન્ટરના 150 જેટલા બાકીદારો પાસેથી અંદાજીત રૂ.50 લાખ ઉપરાંતની વસૂલાત બાકી છે.

પેટલાદમાં નગરપાલિકા સંચાલિત 15 જેટલા શોપિંગ સેન્ટરો આવેલ છે. આ કોમ્પલેક્ષો ભૂતકાળના સત્તાધિશોએ તબક્કાવાર બનાવ્યા હતા. પાલિકા દ્વારા આવા શોપિંગ સેન્ટરો બનાવી દુકાનો ભાડે આપી આવકનો સ્ત્રોત ઉભો કરવાનો મુખ્ય હેતુ હોય છે. પેટલાદમાં પાલિકાએ વર્ષ 2003 સુધી દુકાનો સુખડી (પાઘડી) લઈને ભાડે આપી હતી. પરંતુ વર્ષ 2004થી પાલિકાની દુકાનો માત્ર 11 મહિનાના ભાડા અને ટેક્ષ લઈ કરાર આધારિત આપવાનું શરૂ કર્યું હતું. જેથી પાલિકાને ભાડા થકી સ્વભંડોળની આવક વધી હતી. પરંતુ દુકાનો ભાડે આપ્યા બાદ છેલ્લા 20 વર્ષ દરમ્યાનદર વર્ષે કરાર રીન્યુ કરવામાં પાલિકાની ઉદાસીનતા જોવા મળી હતી. પેટલાદ પાલિકાના 15 શોપિંગ સેન્ટરોની 500 પૈકી 150 દુકાનોના ભાડા અનિયમીત ભરવા સાથે કેટલાકના તો વર્ષોથી ભાડા બાકી હોવાની વિગતો સામે આવી છે. જેથી વર્તમાન કારોબારી ચેરમેન જય પટેલે આવા બાકીદારો સામે કડક વસૂલાત કરવાનું અભિયાન હાથ ઉપર લીધું છે. તેઓની ટીમે ગત બે મહિનામાં લગભગ રૂ.28 લાખ જેટલી વસૂલાત કરી છે. જ્યારે આગામી ત્રણ મહિનામાં પાછલા બાકી ભાડાના રૂ.50 લાખની વસૂલાત કરવાનો એક્શન પ્લાન બનાવ્યો છે. તેઓએ જણાવ્યું હતું કે 150 જેટલા બાકીદારોને નોટીસ ફટકારવામાં આવશે. જે દિન 15માં પાછલા બાકી ભાડાની રકમ ચૂકતે ભરવાની રહેશે. જે કોઈ ભાડુઆત બાકી રકમ નહીં ભરે તો દુકાનનો કબ્જો પરત લેવા સાથે જપ્તીની કાયદેસર કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જણાવ્યું હતું.

જેને કારણે ભાડુઆતો પણ સમયસર ભાડું અને ટેક્ષ ભરતા ન્હોતા.

દાદાગીરી નહીં ચાલે

કારોબારી ચેરમેન જય પટેલે જણાવ્યું હતું કે શાસ્ત્રી ગંજ પાછળ ડો.આંબેડકર શોપિંગ સેન્ટર આવેલું છે. જેની 23 દુકાનોના લગભગ દસ લાખ રૂપિયા ભાડા પેટે બાકી છે. આ ભાડુઆતોને ત્યાં નોટીસ આપવા કે વસૂલાત માટે પાલિકાના કર્મચારી જાય છે તો કેટલાક ઈસમો દાદાગીરી કરતા હોય છે. પરંતુ આવા બાકીદારોની દાદાગીરી નહીં ચલાવી બાકી ભાડાની વસૂલાત કડક હાથે કરવામાં આવશે.

મળતીયાઓ પાસેથી પણ વસૂલાત થશે

પેટલાદ શહેરમાં કોર્ટ કેમ્પસ બહારના શોપીંગનો પ્રથમ માળ, કૃષ્ણ ચાલ પાસે, સંતરામપુરા પાસે અને આંબેડકર સ્ટેચ્યુ નજીક મળી કુલ પાંચ નવા શોપીંગ સેન્ટર બનાવવામાં આવ્યા હતા. આ 5 કોમ્પલેક્ષની કુલ 76 દુકાનો માટે ટેન્ડર પ્રક્રિયા વર્ષ 2019-20માં થઈ હતી. જે તે વખતે આ 76માંથી મોટાભાગની દુકાનો પૂર્વ કાઉન્સિલરોના મળતીયાઓ, સંગઠનના પૂર્વ હોદ્દેદારોના સગા સંબંધીઓ વગેરેને પધરાવી દેવામાં આવી હતી. પરંતુ આ પૈકીની દુકાનોના ભાડા વર્ષ 2024 સુધી બાકી હતા. આમ છતાં જે તે સમયના શોપ ઇન્સ્પેક્ટર કે તત્કાલિન ચીફ ઓફીસરે ત્રણથી ચાર વર્ષના બાકી ભાડા વસૂલ કરવાની તસ્દી લીધી ન્હોતી. પરંતુ ત્યારબાદ આવી બાકી ભાડાની દુકાનોનો કબ્જો મેળવી અન્ય ઈસમોને ભાડે આપી પાછલા બાકી ભાડા વસૂલાતમાં ભીનુ સંકેલાઈ ગયું હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું. આ અંગે કારોબારી ચેરમેન જય પટેલે જણાવ્યું હતું કે, આવા બાકીદારો પાસેથી પણ પૂરેપૂરી રકમ વસૂલ કરવામાં આવશે.

લ્હાણી કરેલી દુકાનોના પાંચ લાખ બાકી

રેલ્વે સ્ટેશનથી એસટી સ્ટેન્ડ સુધી રસ્તા પૈકીની જગ્યા ઉપર વર્ષોથી લાકડાના કેબીનો હતા. જે દબાણો દૂર કરવાને બદલે ગતબોર્ડના પ્રમુખે કોઈપણ પ્રકારની બાંધકામ પરવાનગી સિવાય સરકારી જમીન ફાળવી પાકી દુકાનો બનાવી આપવાનો મનસ્વી અને તઘલખી નિર્ણય લઈ દબાણકારોને લ્હાણી કરી હતી. આ દુકાનદારોના હાલ રૂપિયા પાંચ લાખ જેટલી ભાડાની રકમ પાલિકાના દફતરે બાકી બોલે છે.

કેબીનોના આઠ લાખ બાકી

પેટલાદમાં જેત્રાના વડ પાસે તથા અધુરા ઓવરબ્રીજ નીચે લગભગ 50 જેટલા કાચા લાકડાના કેબીનો આવેલ છે. આ લોકો પણ વર્ષોથી અહીંયા કેબીનો મૂકી વેપાર રોજગાર કરી રહ્યા છે. આ 50 પૈકી 47 ઈસમો તો બાકીદારો છે. જેઓના પાછલા બાકી ભાડા પેટે આશરે રૂપિયા આઠ લાખ જેટલી રકમ પાલિકાના દફતરે બોલે છે. જેની વસૂલાત પણ શરૂ કરવામાં આવી છે.

વિદ્યાનગરમાં કાર પલટી જતાં અફડાતફડી

વિદ્યાનગરના ઈસ્કોન મંદિર પાસે એરપોર્ટ જવાની ઉતાવળમાં રોંગ સાઈડમાં જતી કાર ડિવાઈડર સાથે અથડાઈને પલટી ગઈ હતી. વહેલી સવારે ૪:૦૦ વાગ્યે સર્જાયેલા આ અકસ્માતમાં સદનસીબે મોટી જાનહાનિ ટળી છે અને કારચાલકને માત્ર સામાન્ય ઈજાઓ પહોંચી છે. અકસ્માતને પગલે થોડા સમય માટે ટ્રાફિકમાં અવરોધ સર્જાયો હતો, પરંતુ તંત્ર અને લોકોના સહયોગથી સ્થિતિ સામાન્ય બની હતી. પોલીસ દ્વારા Gj 23 CD 3326 નંબરની કારના આ અકસ્માત અંગે હાલ વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

આણંદની અનુદાનિત શાળાઓમાં વર્ગ-૪ના કર્મીની ભરતી કરવા માંગ

ભરતી વર્ષોથી અટકી હોવાથી શિક્ષણાધિકારીને રજૂઆત કરી

(પ્રતિનિધિ) આણંદ તા ૪

આણંદ જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના હોદ્દેદારો દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી, આણંદને મળી રાજ્ય સરકાર દ્વારા બિનસરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ-૪ના બિનશૈક્ષણિક કર્મચારીઓની લાંબા સમયથી અટવાયેલી ભરતી પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી માંગ સાથે આવેદનપત્ર પાઠવ્યું છે.

જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ રજૂઆતમાં જણાવ્યું હતું કે રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા અગાઉ જાહેર કરાયેલા ઠરાવો અને પરિપત્રો અનુસાર વર્ગ-૪ના કર્મચારીઓની ભરતી માટે મંજૂરી આપવામાં આવી હોવા છતાં આણંદ જિલ્લાની અનુદાનિત શાળાઓમાં આજદિન સુધી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી નથી. પરિણામે અનેક શાળાઓમાં સફાઈ, દસ્તાવેજી કામગીરી, વહીવટી સહાય તેમજ દૈનિક વ્યવસ્થાપન સંબંધિત કામગીરી ગંભીર રીતે પ્રભાવિત થઈ રહી છે, જેના કારણે શૈક્ષણિક વાતાવરણ પર પણ નકારાત્મક અસર પડી રહી છે. સંકલન સમિતિએ જિલ્લા શિક્ષણાધિકારીને જિલ્લામાં આવેલી ખાલી જગ્યાઓ પર પ્રાથમિકતાના ધોરણે વર્ગ-૪ના બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી પ્રક્રિયા શરૂ કરવા તથા સરકારના ઠરાવો અને પરિપત્રોનો તાત્કાલિક અમલ સુનિશ્ચિત કરવા રજૂઆત કરી હતી.સમિતિના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે જો યોગ્ય સમયમર્યાદામાં ભરતી અંગે હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના માર્ગદર્શન હેઠળ આગામી દિવસોમાં આંદોલનાત્મક કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે. આવેદન આપવાના કાર્યક્રમ દરમિયાન આણંદ જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના હોદ્દેદારો તથા વિવિધ શિક્ષક-આચાર્ય સંઘોના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા.

ખેડા-બારેજા હાઈવે પર ગાય આડી ઉતરતા ત્રિપલ અકસ્માત સર્જાયો

ખેડા-બારેજા નેશનલ હાઈવે પર મલારપુરા પાસે ગાયને બચાવવા કાર ચાલકે અચાનક બ્રેક મારતા બે કાર અને કન્ટેનર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. વાહનો પૂરપાટ ઝડપે હોવાથી એકબીજા સાથે ધડાકાભેર અથડાતા વાહનોનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને ટ્રાફિક જામ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ મારફતે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, સદનસીબે મોટી જાનહાનિ ટળી છે. આ ઘટના પગલે પોલીસે સ્થળ પર પહોંચી ટ્રાફિકને પૂર્વવત કર્યો હતો.

નિસરાયા સરપંચે ટીડીઓ સમક્ષ નોટિસ સંદર્ભે ખુલાસો રજૂ કર્યો

નિસરાયા ગ્રામજનો અને સમર્થકો પણ મોટી સંખ્યામાં ટીડીઓ કચેરીએ પહોંચ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૪

બોરસદ તાલુકાના નિસરાયા ગામના સરપંચ સ્મિતાબેન રાજ વિરૂદ્ધ ગામના નાગરિક વિજય કાપડિયા ધ્વારા થયેલી લેખિત રજૂઆતના સંદર્ભે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ પૂર્ણ થયા બાદ નોટિસ આપવામાં આવી હતી. જે મુજબ સમયમર્યાદા પૂર્ણ થયા પહેલાં સરપંચે બોરસદ તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) સમક્ષ વિગતવાર લેખિત ખુલાસો રજૂ કર્યો હતો. જોકે આ ખુલાસો રજૂ કરવા સાથે સાથે નિસરાયા ગ્રામજનો અને સમર્થકો પણ મોટી સંખ્યામાં ટીડીઓ કચેરીએ પહોંચ્યા હતા.

નિસરાયા ગામના નાગરિક વિજય કાપડિયા દ્વારા સરપંચ સામે સામાજિક ન્યાય સમિતિની બેઠક ન બોલાવવી, અનુસુચિત જાતિ વિસ્તારમાં વિકાસના કામો ન કરવાના, પંચાયતની મિલકતની હરાજી, દબાણ દૂર કરવાની કાર્યવાહી તેમજ મેકદાદાના સ્ટેચ્યુ માંટેની જમીન સહિત કુલ છ મુદ્દાઓ અંગે તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતના આધારે ટીડીઓએ સરપંચને કારણદર્શક નોટિસ પાઠવી ખુલાસો માંગ્યો હતો. જવાબમાં સરપંચ સ્મિતાબેન રાજે તમામ આક્ષેપોને તથ્યહીન અને રાજકીય પ્રેરિત ગણાવ્યા હતા.

વઘાસીમાં પાણી ભરેલા ખેતરમાંથી લાશ મળી

આણંદ ગ્રામ્ય પોલીસે અજાણ્યા યુવકના મોત સંદર્ભે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા. ૪

આણંદના નેશનલ હાઈવે નંબર 48 પર આવેલા વઘાસી ગામમાં બિપીન કોલ્ડ સ્ટોરેજની પાછળ એક ખેતરમાંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતા સનસનાટી મચી ગઈ છે. આશરે ૩૫ થી ૩૮ વર્ષની વયના આ યુવકનો મૃતદેહ પાણીથી ભરેલા ખેતરમાં શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો.

વાસદ ગામના સ્થાનિકોની નજર ખેતરમાં પાણીમાં ડૂબેલા મૃતદેહ પર પડતા તુરંત આણંદ રૂરલ પોલીસને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

આ ઘટનાને પગલે આસપાસના ગ્રામજનો અને રાહદારીઓની મોટી ભીડ એકત્ર થઈ ગઈ હતી. મૃતક કોણ છે અને આ વિસ્તારમાં કેવી રીતે આવ્યો તે અંગે અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે. હાલમાં પોલીસે ગુનો નોંધીને મૃતકની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે આસપાસના પોલીસ સ્ટેશનોમાં ગુમ થયેલા વ્યક્તિઓની નોંધ ચકાસવા સહિતની તપાસ તેજ કરી છે. આ ઘટનામાં યુવકનું મોત કેવા સંજોગોમાં થયું ? તે અંગે પોસ્ટમોર્ટમના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. હાલ પોલીસે તેની ઓળખ માટે ચક્રોગતિમાન કર્યાં છે.

આણંદની વતની પરિણીતાને દીકરીના જન્મ બાદ પતિએ ત્રાસ વધાર્યો

કેનેડામાં પત્નીના પૈસા પર જલસા કરતા પતિએ શંકા કરી મારમાર્યો

સાસરિયાંએ ઘરમાંથી કાઢી મૂકતા આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૪

વિદેશ જઈ સુખી થવાના સપના સાથે કેનેડા ગયેલી આણંદની પરિણીતાને ત્યાંના ઠંડા વાતાવરણમાં પતિ અને સાસરિયાંના ગરમ મિજાજનો ભોગ બનવું પડ્યું છે. આણંદ મહિલા પોલીસ મથકે ભાલેજ રોડ વિસ્તારની બ્રિજિતા પરમાર નામની મહિલાએ તેના કેનેડા રહેતા પતિ પ્રતિક મૂળજીભાઈ પરમાર, સાસુ શાંતાબેન, સસરા મૂળજીભાઈ અને નણંદ પ્રણાલીકાબેન સામે શારીરિક-માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે.

આ કેસમાં ચોંકાવનારો વળાંક એ છે કે, આણંદના વતની બ્રિજિતાબેન કેનેડામાં નર્સ તરીકે નોકરી કરી ઘરનું ગુજરાન ચલાવતા હતા, જ્યારે તેમના પતિ પ્રતિકભાઈ કોઈ કામ-ધંધો કરતા ન હતા. તેમ છતાં, પતિ દ્વારા પત્નીના ચારિત્ય પર ખોટી શંકા કરી માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. એટલું જ નહીં, કેનેડામાં ઘર ખર્ચ અને ડિલિવરીનો ખર્ચ પણ પત્નીએ જ ઉપાડવો પડ્યો હોવા છતાં, દીકરીનો જન્મ થતા સાસરિયાંઓએ 'અમારે તો દીકરો જ જોઈતો હતો' તેમ કહી મેણાં-ટોણાં મારીને ત્રાસ ગુજાર્યો હતો.

આ ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગત મે માસમાં જ્યારે બ્રિજિતાબેન ભારત પરત આવ્યા, ત્યારે સાસરિયાંઓએ તેમને ઘરમાં પ્રવેશવા દીધા ન હતા અને ગાળો બોલી ઝઘડો કરી કાઢી મૂક્યા હતા. પત્નીએ જ્યારે પતિને ફોન કર્યો, ત્યારે પતિએ તેના અને દીકરીના દસ્તાવેજો (પાસપોર્ટ વગેરે) પણ નણંદને આપી દીધા હોવાનું કહી હાથ અધ્ધર કરી લીધા હતા. અંતે, ન્યાય ન મળતા પરિણીતાએ આણંદ મહિલા પોલીસમાં ગુનો નોંધાવ્યો છે, જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

એસવીઆઈટીના છાત્રે રક્ત સ્ટેમ સેલ દાન કરી ૨ વર્ષના માસૂમનો જીવ બચાવ્યો

કોલેજ કેમ્પસમાં લીધેલો એક નાનકડો સંકલ્પ 'લ્યુકેમિયા' સામે ઝઝૂમતા બાળક માટે આશીર્વાદ બન્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૪

વાસદની સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (SVIT) ના ૧૯ વર્ષીય વિદ્યાર્થી કેરુલ શાહે માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતા પોતાના બ્લડ સ્ટેમ સેલ દાન કરીને બ્લડ કેન્સર (લ્યુકેમિયા) થી પીડાતા માત્ર બે વર્ષના અજાણ્યા બાળકને નવું જીવન આપ્યું છે. આજના સમયમાં જ્યારે યુવા પેઢી સોશિયલ મીડિયામાં વ્યસ્ત છે, ત્યારે કેરુલના નિસ્વાર્થ કાર્યએ સમાજમાં નવી રાહ ચીંધી છે.

આ ઘટનામાં વિશેષ વાત એ છે કે, કેરુલ શાહે ઓક્ટોબર ૨૦૨૫માં જ્યારે તેઓ માત્ર ૧૮ વર્ષના હતા, ત્યારે એસવીઆઈટી ખાતે એનએસએસ યુનિટ દ્વારા આયોજિત રક્ત સ્ટેમ સેલ જાગૃતિ શિબિરમાં સ્વૈચ્છિક દાતા તરીકે નોંધણી કરાવી હતી. માત્ર એક વર્ષના ગાળામાં જ તેમના એચએલએ (Human Leukocyte Antigen) એક બે વર્ષના બાળક સાથે મેચ થયા હતા. સામાન્ય રીતે યોગ્ય એચએલએ મેચ ધરાવતા દાતા મળવાની સંભાવના અત્યંત ઓછી હોય છે, પરંતુ કેરુલની તત્પરતાને કારણે આ ચમત્કાર શક્ય બન્યો છે.

આ સમગ્ર પ્રક્રિયામાં DATRI બ્લડ સ્ટેમ સેલ ડોનર રજિસ્ટ્રી અને એસવીઆઈટીના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. વિકાશ અગ્રવાલનો મહત્વનો ફાળો રહ્યો છે. કેરુલના પરિવારે પણ આ ઉમદા કાર્યમાં તેને માનસિક હિંમત અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સંસ્થાના ચેરમેન ભાવેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશની Gen-Z પેઢી ભણતરની સાથે આવી ઉમદા સામાજિક જવાબદારી નિભાવી રહી છે.

સ્ટેમ સેલ દાતા તરીકે નોંધણી કરાવવા અપીલ

બ્લડ કેન્સર, થેલેસેમિયા અને લિમ્ફોમા જેવા ગંભીર રોગો સામે રક્ત સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ એક મજબૂત આશા છે. કેરુલ શાહની આ કામગીરીથી પ્રેરાઈને ૧૮ થી ૫૦ વર્ષની વયના વધુમાં વધુ સ્વસ્થ યુવાનો સ્ટેમ સેલ દાતા તરીકે નોંધણી કરાવે તેવી અપીલ એસવીઆઈટી પરિવાર દ્વારા કરવામાં આવી છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225